# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/349 Dt. 06/03/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા વરિષ્ઠ નાગરિકો માટે સ્વાસ્થ્ય સંદર્ભે સત્ર યોજાયું

## જનરલ ફિઝિશિયન ડો. વિનોદ શાહ દ્વારા વરિષ્ઠ નાગરિકો માટે પ્રિવેન્ટિવ વેક્સિનેશન એન્ડ હેલ્થકેર મેનેજમેન્ટ સંદર્ભે માર્ગદર્શન આપવામાં આવ્યું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી રવિવાર, તા. ૧ માર્ચ, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સિનિયર સિટિઝન્સ માટે સ્વાસ્થ્ય સંબંધિત જાગૃતિ લાવવાના હેતુથી વિશેષ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સમાજમાં વરિષ્ઠ નાગરિકોનું મહત્વ ખૂબ જ ઊંચું છે અને તેમના આરોગ્યની જાગૃતિ માટે આવા કાર્યક્રમો અત્યંત જરૂરી છે. ચેમ્બર દ્વારા સમયાંતરે સમાજના વિવિધ વર્ગોને ઉપયોગી થાય એવા જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

મુખ્ય વક્તા તરીકે જનરલ ફિઝિશિયન ડો. વિનોદ શાહ દ્વારા વરિષ્ઠ નાગરિકો માટે પ્રિવેન્ટિવ વેક્સિનેશન એન્ડ હેલ્થકેર મેનેજમેન્ટ સંદર્ભે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે વરિષ્ઠ નાગરિકોમાં થતા સામાન્ય આરોગ્યના પ્રશ્નો, રોગોથી બચવા માટે જરૂરી રસીકરણ, નિયમિત આરોગ્ય તપાસ અને સંતુલિત જીવનશૈલીના મહત્વ અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, યોગ્ય સમય પર લેવામાં આવતી રસી અને આરોગ્યની સંભાળ દ્વારા ઘણી ગંભીર બીમારીઓથી બચી શકાય છે.

ડો. શાહે વધુમાં જણાવ્યું હતું કે, વધતી ઉંમર સાથે શરીરની રોગપ્રતિકારક શક્તિ ઓછી થતી જાય છે, તેથી વરિષ્ઠ નાગરિકોએ પોતાની તંદુરસ્તી પ્રત્યે ખાસ સજાગ રહેવું જરૂરી છે. તેમણે વરિષ્ઠ નાગરિકોને સમયસર ડોકટરની સલાહ લેવાની તથા સ્વસ્થ અને સક્રિય જીવનશૈલી અપનાવવાની પણ સલાહ આપી હતી.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીની ચેરપર્સન ડો. પારૂલ વડગામાએ ડો. વિનોદ શાહનો પરિચય આપી કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો, વકતાઓ તથા સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો. પબ્લિક હેલ્થ કમિટીના કો–ચેરમેન ડો. રાજન દેસાઇએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરના એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાણી, સભ્યો અને વરિષ્ઠ નાગરિકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. વરિષ્ઠ નાગરિકો માટે આ કાર્યક્રમ ખૂબ જ ઉપયોગી સાબિત થયો હતો.